# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨૭૮ કેસ

## કોરોનાને લીધે ૧૦નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૨૭૯૨૩ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૫૪૧ના મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૬૪૮૭

ગાંધીનગર,તા.૮

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોના ૫૨૪૬૫ ટેસ્ટ કરવામાં આવતા ૧૨૭૮ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૧૪૭૯૫૧ થયો છે. રાજ્યમાં આજે ૧૦ ના મોત નોંધાયા હતા. આ સાથે કુલ મૃત્યુઆંક ૩૫૪૧ થયો છે. રાજ્યમાં આજે ૧૨૬૬ દર્દી સાજા થયા હતા.

આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંકડો ૧૨૭૯૨૩ થયો છે. રાજ્યમાં આજે એક્ટિવ કેસ ૧૬૪૮૭ થયો છે. જેમાં ૮૧ વેન્ટીલેટર પર અને ૧૬૪૦૬ સ્ટેબલ છે. રાજ્યમાં બહુ દિવસો બાદ કોરોનાના કેસ ૧૨૦૦ને પર ગયા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૫,૯૯,૧૦૧ વ્યક્તિઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૯૮,૬૯૪ વ્યક્તિઓ હોમ ક્વોરેન્ટાઈન છે અને ૪૦૭ વ્યક્તિ ફેસીલીટી ક્વોરેન્ટાઈન રાખવામાં આવ્યા છે. સાજા થવાનો દર ૮૬.૪૬ ટકા છે. જ્યારે કુલ ૪૮૫૮૫૦૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૧૦ મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૩, સુરત શહેરમાં ૧ અને જિલ્લામાં ૧, અમરેલીમાં ૧, બનાસકાંઠામાં ૧, ગીર સોમનાથમાં ૧, પાટણમાં ૧ અને તાપીમાં ૧ મૃત્યુ કોરોનાનાં કારણે નોંધાયું છે. અમદાવાદ શહેરમાં ૧૬૯ અને જિલ્લામાં ૨૬ સાથે ૧૯૫ કેસ કોરોનાના આજે નોંધાયા છે.

આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૮૩૮૧ થયો છે. આજે અમદાવાદમાં ૩ મોત નોંધાતા ૧૮૩૯ કુલ મોત નોંધાયા છે. સુરત શહેરમાં ૧૭૬ અને જિલ્લામાં ૯૪ સાથે ૨૭૦ કોરોનાના કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૩૧૪૦૨ થયો છે. આજે સુરતમાં ૨ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક સુરતમાં ૭૯૮ થયો છે.વડોદરા શહેરમાં આજે ૮૨ અને જિલ્લામાં ૪૨ સાથે ૧૨૪ કેસ કોરોનાના આજે નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૧૩ હજારને પાર થઈ ૧૩૧૦૭ થયો છે.

રાજકોટ શહેરમાં ૮૮ અને જિલ્લામાં ૧૭ સાથે ૧૦૫ કોરોના પોઝિટિવના કેસ નોંધાતા કુલ ૧૦૪૧૩ કેસ થયા છે. જામનગર શહેરમાં ૬૫ અને જિલ્લામાં ૨૪ સાથે ૮૯ કેસ કોરોનાના આજે નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૬૮૧૫ થયો છે.

### પ્રાંતિજ રેલ્વે સ્ટેશન રોડ ઉપર છેલ્લા એક મહિનાથી

## રોડ વચ્ચોવચ ખોદકામ કરાતા અવરજવર કરતા વાહનચાલકો રહીશો પરેશાન

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડથી રેલ્વે સ્ટેશન રોડ પર નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા છેલ્લા એક વર્ષથી થયેલ લીકેજને લઈને એક મહિનાથી રોડ ઉપર ખોદકામ કરાવતા રોજીંદુ અવરજવર કરતા વાહન ચાલકો સહિત આજુબાજુમાં આવેલ રહેણાંક વિસ્તારના રહીશો પરેશાન.

ચીફ ઓફિસર આકાશભાઇ પટેલ દ્વારા છેલ્લા એક વર્ષથી મેન રોડ ઉપર થયેલ લીકેજને લઈને છેલ્લા એક મહિનાથી મેન રોડ ઉપર ખોદકામ કરાવતા રોડ ઉપર રોજીદુ અવરજવર કરતા વાહન ચાલકો સહિત આજુબાજુમાં રહેતા રહીશોને મુશ્કેલીઓમાં મુકાયા છે અને વળાંક હોવાથી અહીં અવરજવર કરતા રહીશો તથા વાહન ચાલકો ને અકસ્માતનો ભય પણ સતાવે છે ત્યારે આજ વિસ્તારમાં તાલુકા સેવાસદન, મામલતદાર કેચરી, તાલુકા પંચાયત, વિવિધ સંસ્થાઓ તેમજ વળાંક માજ દરગાહ તથા કબ્રસ્તાન આવેલ છે તો અહીંથી હજારોની સંખ્યામાં દિવસ દરમ્યાન



ભારે વાહનથી લઈને નાના મોટા વાહનો પસાર થાય છે તથા રહેણાંક વિસ્તાર હોવાથી રહીશો અવરજવર કરે છે તો નાના મોટા અકસ્માત પણ આ રોડ ઉપર બનતાં રહે છે અને અનેક વાહન ચાલકો સહિત રાહદારીઓએ અકસ્માતમાં જીવ પણ ગુમાવ્યા છે, જયારે હાલ તો બે ત્રણ દિવસના કામના એક મહિનો ઉપર નિકાળી દેતા વાહનચાલકો સહિત રહીશો પરેશાન છે, જયારે ચીફ ઓફિસર સાહેબને તો કયાં ખબર પડે એ તો એંસી ઓફિસમા બેસી રહેવાનું છે અને બહાર નિકળીને જોવે તો ખબર પડે કે બે થી ત્રણ દિવસના કામમા એક મહિનો નિકળી ગયો અને કેટલા લોકો હેરાન થાય છે ત્યારે હવે ઝડપી તાત્કાલિક ખાડા પુરી રોડ ચાલુ કરવામાં આવે તેવી માંગ હાલ તો ઉઠવા પામી છે.

## પ્રાંતિજ પ્રાન્ત કચેરી ખાતે નવરાત્રીને પગલે મીટીંગ યોજાઈ

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પ્રાન્ત અધિકારીની કચેરી ખાતે નવરાત્રીને લઈને મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાંપડ સહિત પ્રાંતિજના નવરાત્રી મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ ખાતે આવેલ પ્રાન્ત કચેરી ખાતે પ્રાપ્ત અધિકારી સોનલ બા પઢેરીયાના અધ્યક્ષસ્થાને આવનાર નવરાત્રીના તહેવારને લઈને એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરા, તાલુકા વિકાસ અધિકારી નીતિનભાઈ પટેલ તથા પ્રાંતિજ ખાતે આવેલ વિવિધ નવરાત્રી મંડળના સભ્યો અને સાંપડ મંદિરના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કોરોનાની મહામારીને લઈને સરકારની ગાઈડલાઈન મુજબ આવનાર દિવસોમાં નવરાત્રી વિષેની વિસ્તૃતમા મંડળોના સભ્યો સાથે ચર્ચાઓ કરવામાં આવી હતી.

### મનસુખ માંડવિયાએ જીએસએફસીના આત્મનિર્ભર ભારત અંતર્ગત

## ઉત્પાદિત કેલ્શિયમ નાઈટ્રેટ અને બોરોનેટેડ કેલ્શિયમ નાઈટ્રેટના વેચાણનો શુભારંભ કરાવ્યો

### દેશના ખેડૂતોને મળશે હવે આયાતી માલ કરતાં વધુ ગુણવત્તાસભર અને સસ્તું ખાતર

નવી દિલ્હી, તા. ૮

કેન્દ્રીય શિપિંગ (સ્વતંત્ર હવાલો) અને રસાયણ તથા ખાતર રાજ્ય મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હી ખાતેથી જીએસએફસી દ્વારા ઉત્પાદિત સ્વદેશી કેલ્શિયમ નાઈટ્રેટ અને બોરોનેટેડ કેલ્શિયમ નાઈટ્રેટના વેચાણનો શુભારંભ કરાવ્યો હતો. આ બંને ઉત્પાદનો ભારતમાં સો ટકા આયાત કરવામાં આવતા હતા, જેનું જીએસએફસી દ્વારા સૌપ્રથમ વખત દેશમાં ઉત્પાદન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રીએ તેના વેચાણની શરૂઆત હિમાચલ પ્રદેશના સોલન અને ગુજરાતના ભાવનગર ખાતે કરાવી હતી.

શ્રી માંડવિયા પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે આત્મનિર્ભર ભારત અંતર્ગત જી.એસ.એફ.સી એ સામે ચાલીને આ ઉત્પાદનોની ઓળખ કરી અને તેનું નિર્માણ કરી બતાવ્યું એ ખરેખર પ્રશંસનીય છે. તેમણે જણાવ્યું કે તેઓ કેન્દ્ર સરકાર હેઠળના જાહેર સાહસોને પણ સંબંધિત ઉત્પાદનોની ઓળખ કરવા અને તેમનું દેશમાં જ નિર્માણ સંભવ બનાવવા માટેની કાર્યયોજના પર કામ કરવા નિર્દેશ આપશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતની વિભાવના વિશે જણાવતાં તેમણે કહ્યું કે ભારત ‘વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાને વરેલો દેશ છે. આત્મનિર્ભર ભારતનો અર્થ દુનિયા સાથે છેડો ફાડી દેવો એવો નથી થતો, પરંતુ દેશમાં રહેલી તાકાતને ઓળખીને, તેને દિશા આપીને, આત્મનિર્ભરતા તરફ આગળ વધવું, એવો થાય છે. તેમણે કહ્યું કે જી.એસ.એફ.સી દ્વારા નિર્મિત આ બંને ઉત્પાદનોની સો ટકા આયાત થતી હોવાથી કંપનીને તેના વેચાણમાં સફળતા મળશે તેમાં કોઈ બેમત નથી. વળી તેનાથી દેશના ખેડૂતોને આયાતી માલ કરતાં વધુ ગુણવત્તાસભર અને સસ્તું ખાતર મળશે. તેમણે તેમણે કહ્યું “જી.એસ.એફ.સીએ સાબિત કરી બતાવ્યું છે કે નિયત હોય તો કોઈ કામ અઘરું નથી. આત્મનિર્ભર ભારતના સપનાંને સાકાર કરવાની પહેલમાં નિષ્ઠાથી જોડાવા બદલ હું જીએસએફસીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવું છું.” આ કાર્યક્રમમાં જીએસએફસીના ઉચ્ચ અધિકારીઓ, સોલન અને ભાવનગરના ખેડૂતો અને વિક્રેતાઓ તથા અન્ય જાહેર સાહસોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## એક તરફી પ્રેમમાં પાગલ યુવકે નિવૃત્ત આર્મી જવાનની પુત્રી પર હુમલો કરતા ચકચાર

સમગ્ર દેશમાં કન્યા કેળવણી, બેટી બચાવો-બેટી પઢાવો અને ભૃણહત્યા અટકાવવો જેવા સુત્રો સાથે સરકાર અને વિવિધ સંગઠનો દ્વારા અલગ-અલગ કાર્યક્રમો કરી દિકરીને પુરુષ સમોવડી બનાવવા માટે મોટું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. રાજયમાં છેલ્લા કેટલાક દિવસોમાં સામુહિક દુષ્કર્મ અને દુષ્કર્મની અનેક ઘટનાઓ બહાર આવી રહી છે.

મોડાસા શહેરમાં યુવતી સાથે લગ્નની લાલચ આપી બળાત્કારની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે માલપુર તાલુકાના ખાલીકપુર ગામે એક યુવતી પર એક તરફી પ્રેમમાં અંધ બનેલ મોડાસા તાલુકાના મુલોજ ગામના યુવકે વહેલી સવારે યુવતીના ઘરે પહોંચી મોઢાના ભાગે હુમલો કરી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી. લોહીલુહાણ હાલતમાં રહેલી યુવતીને પરિવારજનોએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી હતી. માલપુર પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હુમલાખોર યુવકને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા. મોડાસા તાલુકાના મુલોજ ગામનો શૈલેષ કાંતિભાઈ પટેલીયા નામનો યુવક માલપુર તાલુકાના ખાલીકપુર ગામે રહેતા નિવૃત્ત આર્મી જવાનની ૧૮ વર્ષીય પુત્રીના એક તરફી પ્રેમમાં પાગલ બન્યો હતો અને યુવતીના ઘરની આજુબાજુમાં ચક્કર મારે જતો હતો બે મહિના અગાઉ નિવૃત્ત આર્મી જવાનની ઘેર હાજરીમાં યુવતીના ઘર નજીક પહોંચતા આર્મી જવાનની પત્નીએ ઠપકો આપતા એક તરફી પ્રેમમાં ડૂબેલ શૈલેષે યુવતીની માતાને બીભસ્ત ગાળો બોલી તું તારી છોકરીનું લગ્ન કેવી રીતે કરે છે...?

### મજબૂત બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુપ્રીમ કમાન્ડરે કહ્યું કે, રાફેલ, અપાચે અને ચિનૂકને સામેલ કીર આધુનિકરણની ચાલી રહેલી પ્રક્રિયા ભારતીય વાયુસેનાને સામરીક બળમાં પરિવર્તીત કરશે. અમને વિશ્વાસ છે કે આવનારા વર્ષોમાં, ભારતીય વાયુ સેના પ્રતિબદ્ધતા અને ક્ષમતાનજે પોતાના ઉચ્ચ માપદંડોને કાયમ રાખવાનું ચાલુ રાખશે.આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાયુસેનાને શુભેચ્છાઓ પાઠવી. તેઓએ લખ્યું કે- એરફોર્સ ડે પર ભારતીય વાયુસેનાના તમામ વીર યોદ્ધાઓને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ. તમે દેશના આકાશને સુરક્ષિત રાખો છો ઉપરાંત આપત્તિ સમયે માનવતાની સેવામાં પણ અગ્રણી ભૂમિકા નિભાવે છે. માતા ભારતની રક્ષા માટે આપના સાહસ, શૌર્ય અને સમર્પણ દરેકને પ્રેરિત કરનારા છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહ એ પણ વાયુસેના દિવસ પર ટ્વીટ કરીને પોતાની શુભકામનાઓ આપી. રક્ષા મંત્રીએ લખ્યું કે, વાયુ સેના દિવસ ૨૦૨૦ના અવસરે વાયુ યોદ્ધાઓ અને તેમના પરિવારોને મારી શુભકામનાઓ. ૮૮ વર્ષના સમર્પણ, બલિદાન અને ઉત્કૃષ્ટતા ભારતીય વાયુસેનાની યાત્રાને દર્શાવે છે જે આજે પણ ઘાતક અને અજય છે. રક્ષા મંત્રીએ કહ્યું કે, મને વિશ્વાસ છે કે કોઈ પણ પરિસ્થિતિમાં ભારતીય વાયુસેના હંમશા રાષ્ટ્રના આકાશની રક્ષા કરશે. આપને હંમેશા ખુશ રહેવાનો શુભાકાંક્ષી છું. ભારતીય વાયુસેનાનો આજે ૮૮મો સ્થાપના દિવસ છે. ભારતના ગૌરવશાળી ઈતિહાસ સાથે જોડાયેલા આ કાર્યક્રમની શરૂઆત સવારે સાડા આઠ વાગે થશે. સરહદ પર ચીન અને પાકિસ્તાનના બેવડા પડકાર વચ્ચે ભારતની વાયુસેનાના પરાક્રમની ઝલક હિંડન એરબેસ પર જોવા મળશે. આયોજનમાં આ વખતે કુલ ૫૬ એરક્રાફ્ટ ભાગ લઈ રહ્યા છે. જેમાં રાફેલ, જગુઆર, તેજસ સહિત સુખોઈ અને મિરાજ પણ સામેલ છે.

### હાથરસ કેસ મામલે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહેવા પર ઘરે પાછો ફર્યો હતો અને પિતા સાથે પશુઓને પાણી પીવડાવી રહ્યો હતો. મુખ્ય આરોપી સંદીપે પોતાના પત્રમાં પીડિતાના ભાઈ અને તેની માતા પર પીડિતા સાથે મારપીટ કરવાનો આરોપ લગાવ્યો છે. આ બધા વચ્ચે યોગી સરકારે હાથરસ મામલે નોડલ અધિકારીની નિમણૂંક કરી દીધી છે. ડીઆઈજી શલભ માથુર અને અલીગઢ રેન્જના એડીજી રાજીવ કૃષ્ણને વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. ડીઆઈજી શલભ માથુર ચંદપા પોલીસ સ્ટેશનની ગતિવિધિઓ પર નજર રાખશે. રાજીવ કૃષ્ણ પર અલીગઢ રેન્જના તમામ જિલ્લાઓમાં કાયદા વ્યવસ્થાની જવાબદારી સોંપવામાં આવી છે.

### આઘાતથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે, અને તેણે ખૂબ જ હિંમતથી આ સમગ્ર સ્થિતિનો સામનો કરવો પડ્યો. ગઈકાલે જામીન મળ્યા બાદ રિયાના મિત્રો તેને લેવા માટે બાયખલ્લા જેલ પહોંચ્યા હતા, અને પોતાની સાથે ઘરે લાવ્યાં હતાં.

રિયાની માતાએ જણાવ્યું હતું કે, તેમની દીકરી થોડો સમય ઘરે જ રહેશે, અને તેના પર જે વિત્યું છે તેના આઘાતમાંથી તે ધીરે-ધીરે બહાર આવશે. દીકરીને આ આઘાતમાંથી બહાર લાવવા માટે પોતે તેના માટે યોગ્ય સારવારની પણ વ્યવસ્થા કરશે, જેથી તે સામાન્ય જીવન જીવવા ફરી માનસિક રીતે મજબૂત બની શકે. સંધ્યા ચક્રવર્તીએ એમ પણ કહ્યું હતું કે આ કાયદાકીય લડાઈ હજુ લાંબી ચાલવાની છે તે નક્કી છે, અને રિયાનો ફરી જેલમાં જવાની શક્યતા પણ છે જ. જોકે, હાલ તે જેલની બાહર આવી ગઈ છે, પરંતુ મામલો હજુ પત્યો નથી. મારો દીકરો હજુય જેલમાં જ છે, ત્યારે આવતીકાલે શું થશે તેની ચિંતા મને સતાવી રહી છે.

## સાબરકાંઠાના વીરાવાડા ગ્રામેથી ડિજિટલ સેવાસેતુનો કલેક્ટરે શુભારંભ કરાવ્યો

### ઘર આંગણે ડિજિટલ પોર્ટલના માધ્યમથી ગ્રામ પંચાયત દ્વારા નાગરીકોને સરળ સુવિધા ઉપલબ્ધ

હિંમતનગર, તા. ૮

ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ડિજિટલ ક્રાંતિનું નવું સોપાન શરૂ કરવા મુખ્યમંત્રીશ્રી





વિજયભાઈ રૂપાણીએ જનહિત સેવા કાર્યોની સુવિધા સેવાસેતુના માધ્યમથી અગણિત લોકોના પ્રશ્નોને ઘર આંગણે ઝડપથી ૨૭ જેટલી સેવાઓ પોર્ટલ દ્વારા ઓનલાઈન ઉપલબ્ધ કરીને આપવાનો ગ્રામપંચાયત કક્ષાએ સેવાઓ સરળતાથી હવે મળશે. જેના ભાગરૂપે આજે રાજ્યભરમાં ૮ ઓક્ટોબરથી આ સુવિધાનો પ્રારંભ. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના વીરાવાડા ગ્રામ પંચાયત ખાતે જિલ્લા કલેક્ટરશ્રી સી. જે. પટેલ દ્વારા સેવાનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે પ્રાંત અધિકારી,નાયબ માહિતી નિયામકશ્રી, મામલતદારશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી તથા સરપંચશ્રી કોમ્પ્યુટર ઓપરેટર તથા મહેસુલી કર્મચારીઓ ઉપસ્થિત રહીને અરજદારોની વિવિધ સુવિધાઓ મેળવવાના માર્ગદર્શન સાથે દસ્તાવેજી પુરાવાઓ ખરાઇ કરીને પ્રિન્ટઆઉટ કાઢીને જિલ્લા કલેકટરશ્રીના હસ્તે અરજદારોને સ્થળ પર જ ગ્રામપંચાયત ખાતે એનાયત કરવામાં આવ્યા હતા. આ સુવિધા કઈ રીતે કામ કરે છે તેનું જાત નિરીક્ષણ કરી પોર્ટલ અંગે જરૂરી સુચના અને સરળ સેવા નાગરિકોને મળી રહે તે માટે તાકીદ કરીને ઓનલાઈન સુવિધાનો તાગ મેળવ્યો હતો. જેમાં આવકનો દાખલો એફિડેવિટ રેશનકાર્ડમાં નામ નોંધણી, ૭/૧૨-ના ઉતારા અને ખેડૂત પોર્ટલમાં નામ નોંધણી રજીસ્ટ્રેશન તથા જરૂરી આનુષાંગિક સેવાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનોને આ સેવાનો વધુને વધુ લાભ લેવા અપીલ કરવામાં આવી હતી. આ સુવિધાથી હવે લોકોને છેક તાલુકા સુધીની કચેરીઓમાં ધક્કો ખાવો નહીં પડે. તેમાંથી મુક્તિ મળશે અને જરૂરી નજીવી ફી લઇ સારી સુવિધા ઘર આંગણે જ મળતી થશે. પ્રથમ તબક્કામાં ૨૭ સેવાઓ બે હજાર ગ્રામ પંચાયતોમાં શરૂ કરાઇ છે. જેનો વ્યાપ આવનાર દિવસોમાં વધારીને સૌને સેવા મળે તેવું આયોજન કરવામાં આવશે. એ જ રીતે સાબરકાંઠા જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ આ સેવાસેતુ ડિજિટલ શરૂ કરાઈ છે ડિસેમ્બર ૨૦૨૦માં ૮૦૦૦ ગ્રામ પંચાયતોને આવરી લેવાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિવિધ સેવાઓ માટે એફિડેવિટ કરવાની સત્તા હવે નોટરી તાલુકા મેજીસ્ટ્રેટ ઉપરાંત ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રીને પણ આપવામાં આવશે. પ્રધાનમંત્રીશ્રીનું ડિજિટલ ઈન્ડિયા મિશન પાર પાડવામાં ગુજરાત લીડ લેશે. જ્યાં માનવી ત્યાં સુવિધા આપવાનો મંત્ર સાકાર થશે. દરેક ગ્રામ પંચાયત સ્ટેટ ડેટા સેન્ટર સાથે જોડાયેલી છે. અત્યાર સુધીમાં ૩૨૯૬૧ કિલોમીટર અંડરગ્રાઉન્ડ ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક દ્વારા ૭૬૯૨ ગ્રામ પંચાયતોની આવરી લેવાઈ છે.

### પેવરકામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છેલ્લા ચાર મહીનાથી સતત વરસાદના લીધે સેકટરોના આંતરિક માર્ગોની દશા ખરાબ થઈ છે. જયારે નગરના મુખ્યમાર્ગો પર પણ ઠેર ઠેર પેચીસ પડી ગયા છે. વરસાદી દિવસોના અંતે તંત્ર દ્વારા પ્રથમ તબક્કામાં માર્ગો પર પડેલા ગાબડા દુર કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી ત્યારબાદ માર્ગો પર પડેલા પેચીસ દુર કરવા માટે પણ કામ શરૂ કરાયુ હતુ પરંતુ હાલ શહેરના મુખ્ય માર્ગો પર કેટલાક ભાગમાં રસ્તાઓ સદંતર ખરાબ થઈ ગયા છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા મુખ્યમાર્ગો પર ડામરકામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના મુખ્યમાર્ગો પર વરસાદના લીધે માર્ગોનુ સાવ ધોવાણ થયુ હોય તેવા ભાગમાં માર્ગોનુ પેવર કામ કરવામાં આવી રહ્યુ છે. હાલ તંત્ર દ્વારા ઘ માર્ગ પર પેવર કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં ઘ માર્ગ પર કેટલાક ભાગમાં માર્ગ સાવ ઉબડ ખાબડ થઈ ગયો હોય તેવી સ્થિતિ છે. આ ઉપરાંત વરસાદના લીધે શહેરના અન્ય મુખ્યમાર્ગો પર પણ જરૂરી ભાગમાં પેવરકામ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ હજુ માર્ગ સુધારણાની કામગીરીના કામો તબક્કાવાર મંજુરીના અંત હાથ ધરાશે.

### ક્રિકેટ સ્ટેડિયમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે પણ ખાસ રૂમ તૈયાર કરાશે. આ ઉપરાંત સ્ટેડિયમને અનુલક્ષી પાર્કીંગની કામગીરી પણ હાથ ધરાશે. જયારે સ્ટેડીયમમાં અંદાજિત ૩૫૦૦ ક્રીકેટપ્રેમીઓ બેસી શકે તે મુજબની વ્યવસ્થા કરાશે. આ માટે નવી બેન્ચીસ મુકાશે. સ્ટેડિયમના ફેઈઝ ટુ કામને અનુલક્ષીને અંદાજિત રૂ ૪૦ કરોડના ખર્ચનુ આયોજન છે. આગામી દિવસામાં જરૂરી મંજુરીની પ્રક્રીયાના અંતે બીજા તબક્કાની કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. આ સ્ટેડિયમ તૈયાર થઈ જતા આગામી વર્ષોમાં ગાંધીનગરમાં રણજી ટ્રોફી કક્ષાની મેચનુ આયોજન કરવામાં આવે તો પણ નવાઈ નહીં. સ્ટેડિયમને નવા રૂપરંગ આપવાની કામગીરીથી ક્રીકેટ પ્રેમીઓમાં ઉત્સુકતા છવાઈ છે.

### વધુ ૨૧... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

સે. ૨૯ માં એક જ પરિવારના બે કેસ નોંધાયા છે. ૫૦ વર્ષીય પુરૂષ અને ૪૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરનું હૃદય ગણાતા સે. ૨૧માં પણ જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે આ સેક્ટરમાંથી બે કેસ મળ્યા છે. ૨૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૪૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૨૨ માંથી એક ખાનગી કંપનીમાં એચ.આર. એક્ઝીક્યુટીવ તરીકે કામ કરતા ૩૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માહિતી આયોગમાં કન્સલટન્ટ તરીકે કામગીરી કરતા અને સે. ૧૨ માં રહેતા ૭૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. નાયબ નિયામક તરીકે બ્લોક નં. ૧ માં ફરજો બજાવતા અને સે. ૧૯ માં રહેતા ૩૨ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૭ માં રહેતા અને રાજ્ય પોલીસની ટ્રાફિક શાખામાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજો બજાવતા ૩૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કર્મયોગીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૬ માંથી ૭૧ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વૃદ્ધે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૪ માં રહેતા અને ખાનગી કંપનીમાં મેનેજર તરીકે સેવાઓ આપતા ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩ માંથી આજે ૩ કેસ નોંધાયા છે. ૮૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સીટીપલ્સ સિનેમામાં મેનેજર તરીકે ફરજો બજાવતા અને સે. ૩ માં રહેતા ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૬ માં રહેતા ૪૭ વર્ષીય ફોટોગ્રાફરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ઉદ્યોગભવનમાં ઓફિસ આસિટન્ટ તરીકેની ફરજો બજાવતી અને સે. ૨૪ માં રહેતી ૨૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૧૩ માંથી પણ આજે ૩ કેસ નોંધાયા છે. સે. ૧૩માં રહેતા અને ઉદ્યોગભવનમાં ઓફિસ આસિટન્ટ તરીકે સેવાઓ આપતા ૩૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. વડોદરાની ખાનગી કંપનીમાં સોફ્ટવેર એન્જીનીયર તરીકે નોકરી કરતા અને સે. ૧૩ માં ૩૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ સારવાર મેળવતા દર્દીઓની સંખ્યા ૧૩૫ જેટલી થઈ છે. શહેરના દરેક ખૂણેથી કેસો મળી રહ્યા છે. સે. ૫ માં સૌથી વધુ કન્ટેનમેન્ટ ઝોન છે. શહેરમાં આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૨૨૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૨૧૫ દર્દીઓ આજ સુધીમાં કોરોનામુક્ત થયા છે.

### ગ્રામીણ વિસ્તારમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કુડાસણ ગામેથી ૫૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. સરગાસણમાંથી ૩૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વાવોલમાંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે જેમાં ૫૫ વર્ષીય વેપારી અને ૬૮ વર્ષીય ગૃહીણીનો સમાવેશ થાય છે. ૬૮ વર્ષીય ગૃહીણીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. દહેગામ તાલુકામાં આજે ત્રણ કેસ નોંધાયા છે. જેમાં બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે અને એક કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવેલ છે. અર્બન વિસ્તારમાંથી ૫૫ વર્ષીય મહિલા તેમજ ૫૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. સગદલપુર ગામેથી ૨૬ વર્ષીય યુવા વેપારી કોરોનાની ઝપટે ચડ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. માણસા તાલુકામાં આજે ચાર કેસ નોંધાયા છે. ચારેય મહિલા દર્દીઓ છે. એક કેસ અર્બનમાંથી તો ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. અર્બન વિસ્તારમાંથી ૫૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. સોલૈયા ગામેથી આજે એક જ દિવસમાં ત્રણ મહિલા દર્દીઓ નોંધાયા છે. જેમાં ૫૪ વર્ષીય ગૃહીણી, ૩૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. કલોલમાં આજે નવ કેસ નોંધાયા છે. જેમાં પાંચ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી તો ૪ કેસ અર્બન વિસ્તારમાંથી નોંધાયા છે. તાલુકાના આનંદપુરા ગામેથી ૭૦ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બિલેશ્વરપુરા ગામેથી ૪૮ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બોરીસણા ગામેથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં ૭૦ વર્ષીય મહિલા, ૫૮ વર્ષીય પુરૂષ અને ૨૮ વર્ષીય યુવા વેપારીનો સમાવેશ થાય છે. આ પાંચેય દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૪૨ વર્ષીય વેપારી તેમજ ૭૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. અર્બન-૨ વિસ્તારમાંથી ૫૭ વર્ષીય વેપારી અને ૭૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૫૭ વર્ષીય વેપારીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે તો ૭૦ વર્ષીય વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લામાં આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે. જિલ્લામાં ૨૦૧૭ લોકો કોરોનામુક્ત આ સાથે થયાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં હાલ ૧૬૧ દર્દીઓએક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૧૫,૧૭૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.